सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | 15-12-2022 | | |
| રજી. તારીખ | 15-12-2022 | | |
| ફેંસલ તારીખ | | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**અમરેલીના મહે. બીજા એડી. સિનિયર સિવીલ જજ અને એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ – અમરેલી.**

**ફોર્મ – 'એ'** **આંક :–**

**(ફોજદારી કેસ નં. ૨૬૧૦/૨૦૨૨)**

**(અમરેલી તાલુકા પો. સ્ટે. એ. ગુન્હા રજી.નં. ૧૧૧૯૩૦૦૪૨૧૦૫૩૧/૨૦૨૧)**

---

**ફરિયાદી :–** શ્રી સરકાર

**ફરીયાદી તરફે:– વિ.વ.શ્રી એસ.પી. મનસુરી**

**વિરૂઘ્ઘ**

**આરોપીઓ :–** (૧) ગૌતમભાઈ પ્રકાશભાઈ સોલંકી (સી.આર.પી.સી. ક. ૨૯૯)

ઉ.વ. ૨૦,ધંધો: મજુરી

(૨) રાજેશ ઉર્ફે પાલી ગોવિંદભાઈ સોલંકી

ઉ.વ. ૨૭,ધંધો: મજુરી

રહે. બંને અમરેલી,સાવરકુંડલા રોડ,

લીલાનગર, મફતપરા,તા. જી. અમરેલી.

**આરોપીઓ તરફે:– વિ.વ.શ્રી એચ.સી. કાલાવડીયા**

## ફોર્મ – 'બી'

| | |
|---|---|
| **ગુન્હાની તારીખ** | ૩૦/૦૫/૨૦૨૧ |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૩૧/૦૫/૨૦૨૧ |
| **ચાર્જશીટ તારીખ** | ૧૫/૦૭/૨૦૨૧ |
| **તહોમતનામું ઘડ્યા તારીખ** | ૧૦/૯/૨૦૨૪ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | ૧૦/૯/૨૦૨૪ |
| **ચુકાદા પર રાખ્યા તારીખ** | |
| **ચુકાદા તારીખ** | |
| **સજાના હુકમની તારીખ, જો હોય તો** | – |

## આરોપીની વિગતો

| આરોપી નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુકત કર્યા તારીખ | આક્ષેપિત ગુના | છોડી મુકેલ છે કે સજા કરેલ છે | કરવામાં આવેલ સજા | ફો.કા.સં.ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| **૧.**<br><br><br><br>**૨.** | ગૌતમભાઈ પ્રકાશભાઈ સોલંકી<br><br>રાજેશ ઉર્ફે પાલી ગોવિંદભાઈ સોલંકી | ૧/૦૬/૨૦૨૧<br><br><br>૩/૦૭/૨૦૨૧ | ૨/૦૬/૨૦૨૧<br><br><br>૩/૭ /૨૦૨૧ | ભારતીય દંડ સંહિતા ની કલમ– **૩૩૭,૩૨૪,૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ મુજબ.** | છોડી મુકેલ છે. | – | – |

## ફોર્મ–'સી'

### એ. ફરીયાદપક્ષ તરફેના મૌખીક પુરાવાઓનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૨૫ | વિજયભાઈ ધિરૂભાઈ માથાસુળીયાની જુબાની | ૨૬ |

### બી. ફરીયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૬ | ફરીયાદ |
| ૨. | ૨૭ | પંચનામુ |
| ૩. | ૨૮ | કોવીડ ટેસ્ટ રીપોર્ટ |
| ૪ | ૨૯,૩૦ | અટક પંચનામુ |
| ૫. | ૩૧ | એમ.એલ.સી. સર્ટીફિકેટ |
| ૬. | ૩૨ | કલોઝીંગ પુરસીસ |

## // ચુકાદો //

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા. ૩૦/૦૫/૨૦૨૧ ના રોજ ક. ૧૬–૩૦ વાગ્યે લીલાનગર, સા.કુંડલા બાયપાસ, તા.જી. અમરેલી ખાતે આરોપીઓ રસ્તામા બેઠા હતા અને ભેગા થઈ મોટેથી ભુંડી ગાળો બોલતા હતા જેથી ફરીયાદીએ ગાળો દેવાની ના પાડતા આરોપી નં.૧ એકદમ ઉશ્કેરાઈ ગયા અને નં.૨ નાઓ ઉશ્કેરાઈ જઈ છુટા ઈંટોના બટકાના આડેધડ ઘા કરવા લાગેલ અને ફરીયાદીના કાકા લાલાભાઈ બચાવવા વચ્ચે પડતા તેને પણ મારવા દોડેલ અને તે ભાગી ગયેલ અને પછી માસાભાઈ રૂડાભાઈ વચ્ચે પડી મારમાથી છોડાવેલ ફરીયાદીને ઈંટોડાના ઘા માથામાં મારતા લોહી નીકળેલ અને ૧૦૮ ને માસા રૂડાએ ફોન કરી બોલાવેલ અને ૧૦૮ આવી જતા અમરેલી સીવીલ હોસ્પિટલમાં લાવેલા, ફરીયાદીને માથામાં ત્રણેક ટાંકા આવેલા અને સંપૂર્ણ ભાનમાં હતા,આરોપીએ એકબીજાએ ગુન્હામાં મદદગારી કરી

**ભારતીય દંડ સંહિતાની કલમ−૩૩૭,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪** મુજબનો ગુન્હો કરેલ હોય.આરોપીઅ વિરૂઘ્ધ ફરીયાદીએ ફરીયાદ આપેલી. સદર ફરીયાદ આધારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન એ. ગુન્હા રજી.નં.**૧૧૧૯૩૦૦૪૨૧૦૫૩૧/૨૦૨૧** થી ગુન્હો નોંધી ગુન્હાની તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સબંધીત સાહેદોના નિવેદનો નોંધી તપાસનાં અંતે આરોપીઅ વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા આ કામના આરોપીઅને સમન્સ/પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા, આરોપીઅ તેમના વકીલશ્રી મારફતે હાજર થતા તેમને ક્રિ.પ્રો.કોડની કલમ− ૨૦૭ મુજબ તમામ પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ **આંક−૨૨** થી આરોપીઓ વિરુઘ્ધ તહોમતનામું ફરમાવી, **આંક−૨૩ થી** આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવા માટે રાખવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષ તરફથી તેમના કેસનાં સમર્થનમાં ઉપરોકત ફોર્મ : સી માં સાક્ષીઓની યાદીમાં જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે તેમજ ફરીયાદપક્ષના આંકે પાડેલ દસ્તાવેજોની યાદીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી મૌખિક રીતે પુરાવો પુરો કરેલાનું જાહેર કરેલ. ત્યારબાદ રેકર્ડ ધ્યાને લેતા સદર ગુન્હામાં આરોપીઓ વિરુઘ્ધ સ્પષ્ટ પુરાવો પડતો ન હોય આરોપીઓનુ સી.આર.પી.સી. ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષે વિદવાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

સદર કેસમાં આરોપી નં.૧ ગૌતમભાઈ પ્રકાશભાઈ સોલંકી લાંબા સમયથી કોર્ટમાં હાજર રહેતા નથી અવાર નવાર વોરંટ કાઢતા તે વગર બજે પરત થયેલ છે. આથી સી.આર.પી.સી. કલમ−૨૯૯(૧) ની જોગવાઈ મુજબ આરોપી નં.૧ ગૌતમભાઈ પ્રકાશભાઈ સોલંકી ની ગેરહાજરીમાં કેસ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૫)** ઉપરોકત કેસની હકીકતો સંજોગો તથા રજુ કરવામાં આવેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા મારી સમક્ષ નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.

**<u>::– મુદ્દા –::</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા. ૩૦/૦૫/૨૦૨૧ ના રોજ ક.૧૬–૩૦ વાગ્યે લીલાનગર, સા.કુંડલા બાયપાસ, તા.જી. અમરેલી ખાતે આરોપીઓ રસ્તામા બેઠા હતા અને ભેગા થઈ મોટેથી ભુંડી ગાળો બોલતા હતા જેથી ફરીયાદીએ ગાળો દેવાની ના પાડતા આરોપી નં.૧ એકદમ ઉશ્કેરાઈ ગયા અને નં.૨ નાઓ ઉશ્કેરાઈ જઈ છુટા ઈંટોના બટકાના આડેધડ ઘા કરવા લાગેલ અને ફરીયાદીના કાકા લાલાભાઈ બચાવવા વચ્ચે પડતા તેને પણ મારવા દોડેલ અને તે ભાગી ગયેલ અને પછી માસાભાઈ રૂડાભાઈ વચ્ચે પડી મારમાથી છોડાવેલ ફરીયાદીને ઈંટોડાના ઘા માથામાં મારતા લોહી નીકળેલ અને ૧૦૮ ને માસા રૂડાએ ફોન કરી બોલાવેલ અને ૧૦૮ આવી જતા અમરેલી સીવીલ હોસ્પિટલમાં લાવેલા. ફરીયાદીને માથામાં ત્રણેક ટાંકા આવેલા અને સંપૂર્ણ ભાનમાં હતા. આરોપીએ એકબીજાએ ગુન્હામાં મદદગારી કરી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૭,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>//પુરાવાનું મુલ્યાંકન અને કારણો //</u>**

**(૭)** આ કામે આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્ર નાં સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે, તથા હાલનાં ગુનામાં આરોપીઓ વિરુધ્ધની હકીકતો નિ:શંકપણે સાબિત કરવા અંગેનાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે તેમજ આ કામમાં ફરીયાદીની ફરિયાદ હકીકત

મુજબ તા. ૩૦/૦૫/૨૦૨૧ ના રોજ ક.૧૬–૩૦ વાગ્યે લીલાનગર, સા.કુંડલા બાયપાસ, તા.જી. અમરેલી ખાતે આરોપીઓ રસ્તામા બેઠા હતા અને ભેગા થઈ મોટેથી ભુંડી ગાળો બોલતા હતા જેથી ફરીયાદીએ ગાળો દેવાની ના પાડતા આરોપી નં.૧ એકદમ ઉશ્કેરાઈ ગયા અને નં.૨ નાઓ ઉશ્કેરાઈ જઈ છુટા ઈંટોના બટકાના આડેધડ ઘા કરવા લાગેલ અને ફરીયાદીના કાકા લાલાભાઈ બચાવવા વચ્ચે પડતા તેને પણ મારવા દોડેલ અને તે ભાગી ગયેલ અને પછી માસાભાઈ રૂડાભાઈ વચ્ચે પડી મારમાથી છોડાવેલ ફરીયાદીને ઈંટોડાના ઘા માથામાં મારતા લોહી નીકળેલ અને ૧૦૮ ને માસા રૂડાએ ફોન કરી બોલાવેલ અને ૧૦૮ આવી જતા અમરેલી સીવીલ હોસ્પિટલમાં લાવેલા. ફરીયાદીને માથામાં ત્રણેક ટાંકા આવેલા અને સંપૂર્ણ ભાનમાં હતા. આરોપીએ એકબીજાએ ગુન્હામાં મદદગારી કરી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૭,૩૨૪,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** ,ગુન્હો આચરેલ હોવાનું ફરિયાદપક્ષે રેકર્ડ પરના પુરાવાથી પુરવાર કરવું જરૂરી છે.

(૮) સૌ પ્રથમ ફરીયાદપક્ષે ફરીયાદી વિજયભાઈ ધિરૂભાઈ માથાસુળીયાનાઓને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો, તેઓ મજુરી કરી ગુજરાન ચાલવે છે અને ત્રણ વર્ષ પહેલા તેઓએ પોલીસ ફરીયાદ આપેલી. એ ફરીયાદની હકિકત એવી હતી કે, બનાવના દિવસે તેઓ ઘર પાસે રસ્તામાં રાજેશભાઈ ગોવિંદભાઈ સોલંકી તથા ગોવિંદભાઈ પ્રકાશભાઈ સોલંકી બંને જણા રસ્તામાં બેઠા હતા અને મોટે મોટેથી બરાડા પાડતા તેઓને બરાડા પાડવાની ના પાડતા બંને જણ ઉશ્કેરાઈ જઈ બોલાચાલી કરવા લાગેલા જેમા લોકોનુ ટોળુ ભેગુ થતાં ધકકા મુકીમાં તે પડી ગયેલ. ત્યારબાદ તેઓએ દવાખાને સારવાર લીધેલી જે બાબતની પોલીસ ફરીયાદ તેઓએ આપેલી જે આંક–૨૬ થી રજુ છે.

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદને સમર્થનકારક અન્ય કોઈ હકીકત ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ફલીત થયેલ નથી.

સદર ફરીયાદી એ બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓના હાથમાં કોઈ ઈંટો હતી નહી કે તેમને કોઈ માર મારેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓએ કોઈ ગાળાગાળી, મારા મારી કરેલ નથી કે કોઈ ધાક ધમકી આપેલ નથી. આમ, આ કામના આરોપીઓએ બનાવ સમયે ફરીયાદીને ગાળો બોલેલ હોય કે ઈટોના બટકા વડે માર મારેલ હોય તેવી લેશમાત્ર હકિકત જણાઈ આવતી નથી.

(૯) ફરીયાદપક્ષે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ,અટક પંચનામુ,એમ.એલ.સી.સર્ટીફિકેટ રજુ થયેલ દસ્તાવેજોને આંકે પાડવા સામે વાંધો નથી તેવો શેરો આરોપીના વિ.વ.શ્રીએ કરેલ હોય, ફરીયાદપક્ષે સદર સાહેદોનેં તપાસેલ નથી. જેથી કોઈ પણ દસ્તાવેજને આંક આપવા માત્રથી પુરવાર થઈ જતો નથી તેવું મારૂં માનવું છે. જેથી સદર કામે રજુ થયેલ પંચનામાઓ પુરવાર થયેલાનું માની શકાય નહી. સદર કામે તપાસેલ ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આરોપી રસ્તામાં બેઠા હતા અને મોટે મોટેથી બુમ બરાડા પાડતા હોય જેઓને બુમ બરાડા પાડવાની ના પાડતા બોલાચાલી કરવા લાગેલા જેમાં લોકોનુ ટોળુ ભગુ થતા ધકકા મુકકીમાં તેઓ પડી ગયેલ. આમ સદર ફરીયાદી હોસ્ટાઈલ જાહેર થયેલા છે ત્યારબાદની ઉલટમાં પણ તેઓએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી અને ઉલટતપાસમાં જણાવે છે કે, બનાવ સમયે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઈ બનેલ નથી. આરોપીના હાથમા કોઈ ઈંટો હતી નહી તેમને કોઈ માર મારેલ નથી કે આરોપીઓએ કોઈ ગાળાગાળી, માર મારેલ નથી કે કોઈ ધાક ધમકી આપેલ નથી. આરોપીએ કોઈ

ગાળળાગાળી કે ધાક ધમકી આપેલ નથી. આમ, ખુદ ફરીયાદીએ તેમના પુરાવામાં ફરીયાદપક્ષને સમર્થન કરતો કે આરોપી વિરુધ્ધનો કોઈ પુરાવો રજુ કરી ફરીયાદી તરફે ફરીયાદ પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં સદર કામે ફરીયાદીએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામા આવેલ નથી. આમ, ફરીયાદીએ ફરીયાદની હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જયારે પુરાવાથી શંકા ઉભી થતી હોય ત્યારે તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ તેવું મારૂં માનવું છે.

**(૧૦)** સદર કામે મુળ ફરીયાદી ધ્વારા કોઈ સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવી કલોઝીંગ પુરસીસ આપેલ છે. વધુમાં સદર કેસના સંજોગો ધ્યાને લેતાં ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં નામ.સુપ્રિમ કોર્ટનો ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫''સતીષ મહેરા વિ.દિલ્હીએડમીનીસ્ટ્રેશન''તથા (૨૦૦૮)૯ એસ.સી.સી.૬૭૭'' નીખીલ મરચન્ટ વિ.સી.બી.આઈ''તથા(૨૦૦૮)૪ એસ.સી.સી.૫૮૨ ''મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ''ના ચુકાદાઓમાં નામ.સુપ્રિમકોર્ટે ઠરાવેલ સિધ્ધાંત કે જયારે આરોપી ને તકસીરવાર ઠરાવવાની કોઈ શકયતા જણાતી ન હોય ત્યારે કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા વ્યર્થ પ્રયત્નો કરવા ન જોઈએ તે સિધ્ધાંત ધ્યાને લઈ ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

**(૧૧)** આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, તા. ૩૦/૦૫/૨૦૨૧ ના રોજ ક.૧૬–૩૦ વાગ્યે લીલાનગર, સા.કુંડલા બાયપાસ, તા.જી. અમરેલી ખાતે આરોપીઓ રસ્તામા બેઠા હતા અને ભેગા થઈ મોટેથી ભુંડી ગાળો બોલતા હતા જેથી ફરીયાદીએ ગાળો દેવાની ના પાડતા આરોપી નં.૧ એકદમ ઉશ્કેરાઈ ગયા અને નં.૨ નાઓ ઉશ્કેરાઈ જઈ છુટા ઈંટોના બટકાના આડેધડ ઘા કરવા લાગેલ અને ફરીયાદીના કાકા લાલાભાઈ બચાવવા વચ્ચે પડતા તેને પણ મારવા દોડેલ અને તે ભાગી ગયેલ અને પછી માસાભાઈ રૂડાભાઈ વચ્ચે પડી મારમાથી છોડાવેલ ફરીયાદીને ઈંટોડાના ઘા

માથામાં મારતા લોહી નીકળેલ અને ૧૦૮ ને માસા રૂડાએ ફોન કરી બોલાવેલ અને ૧૦૮ આવી જતા અમરેલી સીવીલ હોસ્પિટલમાં લાવેલા. ફરીયાદીને માથામાં ત્રણેક ટાંકા આવેલા અને સંપૂર્ણ ભાનમાં હતા. આરોપીએ એકબીજાએ ગુન્હામાં મદદગારી કરી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૭,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪** મુજબનો ગુન્હો કરેલ હોય. આમ, ઉપરોકત તમામ ચર્ચાને અંતે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે સાબિત થયેલ ન હોવાનું માની મુદા નં. ૨ નો જવાબ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**::– <u>આખરી હુકમ</u> –::**

**(૧)** આ કામે આરોપીઓ (૧) ગૌતમભાઈ પ્રકાશભાઈ સોલંકી (૨) રાજેશ ઉર્ફે પાલી ગોવિંદભાઈ સોલંકી રહે. અમરેલી, તા. જી.અમરેલીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧)અન્વયે **ભારતીય દંડ સંહિતની કલમ–૩૩૭, ૩૨૪, ૫૦૪,૫૦૬(૨),૧૧૪** મુજબના સજાપાત્ર અને દંડને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય વિત્યે: બીન કિંમતી મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(૨) મુજબ અપીલ સમય સુધીના રૂપિયા ૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો દિન–૭ માં રજુ રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૧મી, માહે :–ડીસેમ્બર,સને–૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમરેલી.**
**તારીખ :૧૧/૧૨/૨૦૨૪.**

**(કે.એમ.વ્યાસ)**
**બીજા એડી.સિનિયર સિવિલ જજ અને**
**એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, અમરેલી.**
**જજ કોડ નં.જી.જે.૦૧૨૦૧**